GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

# "ગુજરાતમાં પાળિયા સંસ્કૃતિ"

ડો. મુંજાલ ભીમડાદકર
(પ્રોફેસર)
ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ
મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-14

## સારસંક્ષેપ

પ્રસ્તુત સંશોધન પેપરમાં "ગુજરાતમાં પાળિયા સંસ્કૃતિ" ની ઐતિહાસિકતા સિદ્ધ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વિશ્વમાં માનવ સંસ્કૃતિની શરૂઆતથી જ માનવે પોતાના પૂર્વજોની વીરતા, ત્યાગ અને બલિદાન, મમતા ને આત્મભોગની તૈયારીને હંમેશા પૂજ્યા છે. આદિકાળથી આજ સુધી પોતાના વીર પૂર્વજોને તેના વંશજો અને અનુયાયીઓએ હૃદયથી સત્કાર્યા છે. પોતાના આવા પ્રિય જનને કે કોઈ પ્રસંગને સ્મરણપટમાં જીવંત રાખવા જે અનેક સાધનો ઉપયોગમાં લીધા છે. તેમાં પાળિયા પણ એક સાધન છે. મૃત્યુનાં સ્મારક રૂપે મુકાતા આ પાળિયાની પ્રથા તમામ સંસ્કૃતિઓમાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. ઇજિપ્તના પિરામીડો, બેબિલોનના હમુરાબી શિલાખંડો, મહાપાષાણ સ્વરૂપે જોવા મળતા મેનહીર સ્મારકો, ભારતવર્ષમાં સ્તૂપો. ઈંગ્લેન્ડમાં આવેલ સ્ટોન રેન્જ, એસીરિયન સંસ્કૃતિના સ્થાપત્યો, નરમસીનું સ્ટેલે શિલ્પ, ગ્રીસમાં વિજયના સ્મરણ સ્તંભો. ઇસ્લામના કબર, મકબરા કે રોજાના સ્થાપત્યો, ગુફાવાસી માનવે પણ કેટલીક વીરલ વાતોની સ્મૃતિ ગુફામાં ચિત્રો દોરીને કે કંડારીને સાચવી રાખી હોય તેવા સંશોધનો થયા છે. આપણા પાળિયાના સ્વરૂપનો પાળિયો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

ઈ.સ. પૂર્વે દસમી સદીનો દક્ષિણ સ્વીડનના કિવિક નામના સ્થળેથી મળી આવ્યો છે. અસુરબેનીપાલની પ્રતિમા આપણા પાળિયાની યાદ આપે તેવી કોતરકામ પ્રણાલી ધરાવે છે. આમ, આ અને આવા વિવિધ પ્રકારના પ્રાચીન પાષાણ સ્મારકો આજની પાળિયા પ્રથાના પ્રારંભિક સ્રોત છે.

ભૌગોલિક વિવિધતા તથા ભાષા, બોલી, ધર્મ, જ્ઞાતિ, રીતરિવાજો અને સંસ્કૃતિની વિભિન્નતા ધરાવતા ગુજરાતમાં લોકસંસ્કૃતિના ભાગરૂપ અનેક પ્રથાઓ જોવા મળે છે. આ બધી પ્રથાઓમાં પાળિયા પ્રથાએ લોકસંસ્કૃતિની એક વિશિષ્ટ પ્રથા છે. 'ઇતમ પિતૃભ્યો નમ:' દ્વારા ઋગ્વેદમાં પિતૃપૂજાની ભાવના રજૂ કરવામાં આવી છે. આ ભાવનામાંથી સ્મૃતિ જાળવવાના પ્રતીકરૂપ પાળિયા સ્મારકોનો ઉદ્ભવ થયેલો જણાય છે. આ પાળિયાપ્રથાના અભ્યાસ દ્વારા સ્થાનિક ઇતિહાસ અને સંસ્કૃતિની માહિતી પ્રાપ્ત થાય છે. આ પ્રકારની પ્રથાઓ કેટલીક વિવિધતા સાથે તમામ માનવ સંસ્કૃતિમાં અસ્તિત્વ ધરાવતી હતી. આજે તેનું સ્વરૂપ બદલાયેલું જોવા મળે છે. પાળિયાપ્રથા સમગ્ર ગુજરાતમાં પ્રચલિત હતી. આજે તે ભૂતકાલીન પ્રથાના અવશેષના રૂપમાં જોવા મળે છે. સમાજના બધા વર્ગમાં તે જોવા મળતી હતી. પાળિયા સાથે સામાજિક અને ધાર્મિક માન્યતાઓ સંકળાયેલી હતી. સમયે સમયે પાળિયાપ્રથાના વ્યાપ અને સમાજ પરના પ્રભુત્વમાં વધારો-ઘટાડો થતો રહ્યો છે. શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ પાળિયાનું શિલ્પ લોકકલા અને સંસ્કૃતિની માહિતી આપે છે. પાળિયા પરના અભિલેખો દ્વારા કેટલીકવાર મહત્ત્વની માહિતી પ્રાપ્ત થતી હોઈ છે. લોકસંસ્કૃતિની આવી વિશિષ્ટ પ્રથાની માહિતી પ્રસ્તુત સંશોધન પેપરમાં આપવામાં આવી છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**પ્રસ્તાવના :**

ગુજરાતમાં પાળિયા સૃષ્ટિનો ઇતિહાસ ઘણા પ્રાચીન સમયથી શરૂ થાય છે. આજની સ્થિતિએ જોઈએ તો ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પાળિયાઓ જોવા મળે છે. દક્ષિણ ગુજરાત અને અન્ય આદિવાસી વિસ્તારમાં લાકડાંમાંથી આવા સ્મારકોનું નિર્માણ થાય છે. હાલના સમયમાં પણ ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રની અમુક જાતિઓમાં પાળિયા પ્રથા રૂઢ થવા પામી છે. આજે પણ પરંપરાગત રીતે આ જાતિઓમાં મૃત વ્યક્તિની ખાંભી ખોડવામાં આવે છે. આઝાદી પહેલાના સમયમાં ભારતમાં રજવાડા અને રાજાશાહી આ પ્રથા હતી. આ રાજાઓ પોતપોતાની જાગીર ધરાવતા હતા. ઉપરાંત કોઈ વ્યક્તિ કે કોમ, ગામ કે વિસ્તાર પર સત્તા ધરાવતી હતી, બહાવટીયાપણું ચાલતું હતું. આવા સમયે એક પ્રદેશ મેળવવા, તેના પર સત્તા સ્થાપવા કે લૂંટફાટના ઈરાદે એક ગામ કે પ્રદેશના લોકો બીજા પ્રદેશ કે સત્તા પર આક્રમણ કરતા. આ લડાઈમાં જે મરતા તેના પાળિયાઓ ગામ લોકો ગામના પાદરે માંડતા. ગામ લૂંટવાના ઈરાદે ધાડપાડુઓ ગામ ઉપર ચડી આવતા. ગામના લોકોને તેની જાણ થતા ગામના યુવાનો અને ઘણીવાર સમગ્ર ગામેટુ ગામના પાદરે ધાડપાડુઓની સામે લડતા અને મરાતા, પછીથી ગામલોકો કે કુટુંબીઓ મરનારની યાદમાં ગામના પાદરે તેનો પાળિયો માંડતા. આ પાળિયાઓ કુટુંબ અને ગામ માટે આદરનું પ્રતીક બનતા. આ રીતે તેની વીરતાને બિરદાવવામાં આવતી. ઘણીવાર કોઈ સત્કર્મ માટે, યૌવનાની આબરૂ બચાવવા કે વટ ખાતર પણ લોકો પોતાનું બલિદાન આપતા. અન્ય પર સત્તા જમાવવા માટે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

લડેલા અને મૃત્યુ પામેલા લોકોના પાળિયા પણ તેના કુટુંબીઓ પોતાના ગામને પાદરે માંડતા. ઘણીવાર આ પાળિયા પર ઘટના કે સાલ પણ કોતરવામાં આવતી. આમ, સમય જતા તે ઇતિહાસનું સાધન બનતા. આજે પણ આ પાળિયાઓ પોતાનામાં કોઈક ઇતિહાસ લઈને ઊભા છે. તેના પરના અભિલેખો નષ્ટ થયા છે. કોઈક પાળિયા પર અભિલેખો જળવાઈ રહ્યા છે. આ પાળિયાઓમાં વીરોના બલિદાનની ગાથા રહેલી છે. ઇતિહાસની ગર્તામાં વિલોપ થઈ રહેલા આ પાળિયાઓ પ્રદેશની વીરતાના પ્રતીકો છે. ગુજરાતમાં અને મોટાભાગે સૌરાષ્ટ્ર કચ્છમાં ગામના પાદરે પાળિયાઓ આજે પણ જોવા મળે છે.[1]

**પાળિયા શબ્દનો અર્થ:**

પાળિયા શબ્દ માટે જે અર્થો આપવામાં આવ્યા છે તે દ્વારા તેની સમજ મેળવવામાં સરળતા રહે છે. સાર્થ ગુજરાતી જોડણી કોશ પ્રમાણે પાળિયા શબ્દનો અર્થ.

**પાળિયો:** સ્મારક તરીકે ઊભો કરેલો પથરો, ખાંભી કે ચિહ્ન એવો થાય છે. તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. સં. पालि- પ્રશંસા કે ચિહ્ન,[2]

**ખાંભી, ખાંભો:**

પાળિયો કે સ્મરણસ્તંભ અને ખાંભો એટલે ખાંભી, પાળિયો કે સ્મરણસ્તંભ કે હદ બનાવતો પથ્થર એવો અર્થ આપવામાં આવ્યો છે.[3]

**પાળ :**

પાળ કે જેના પરથી પાળિયો શબ્દ આવ્યાનું મનાય છે તેના માટેનો અર્થ ગાયોના ટોળામાં ભળીને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

આવનું ધાડપાડુઓનું ટોળું કે સૈન્ય એવો અર્થ છે.[4]

**પાલ = પાલક, રક્ષક, પાળનાર એવો અર્થ પણ તેનો થાય છે. પાલ પરથી પાળિયો થયું હોય તેવું જણાય છે.**

મિમોરિયલ (Memorial):

અંગ્રેજીમાં તેને માટે મિમોરિઅલ એટલે કે કોઈની યાદગીરીને માટે કે તેનું સ્મરણ કરાવતી વસ્તુ, લેખ કે સ્તંભ એવો અર્થ છે.[5] પુરુષના પાળિયાને માટે Hero Memorial શબ્દ છે. તેમાં Hero એટલે પરાક્રમી પુરુષ એવો અર્થ થાય છે.

શબ્દકોશમાં પાળિયા માટેનો અર્થ સંસ્કૃત પાતિ પરથી પ્રશંસાચિહ્ન એવી વ્યુત્પત્તિ આપી સ્મારક તરીકે ઊભો કરેલો પથરો કે ખાંભી એમ દર્શાવાયું છે. તેમાં ખાંભી માટે પાળિયો, સ્મરણસ્તંભ, ધોરિયો, થાંભલો એવો અર્થ આપવામાં આવ્યો છે.

.એવો અર્થ આપવામાં આવ્યો છે Stone Crected as Memorial'[7]' પાળિયા માટે અંગ્રેજીમાંઅંગ્રેજી Dictionary માં 'પાળિયો' માટે A Memorial erected in honour of a hravo man on the spot where he died[8] એવો અર્થ આપવામાં આવ્યો છે. એક અન્ય ગુજરાતી શબ્દકોશમાં "પાળિયો માટે શૂરવીરની મરણભૂમિ ઉપર તેની યાદગીરી માટે મૂકેલો જે પત્થર છે તે એવો અર્થ અપાયો છે."[9]

"પાળિયો" માટે બૃહદ ગુજરાતી કોશમાં વીરતાથી લડનારા પાછળ એના તિથિવાર ગામ અને મૃતાત્માની પોતાની થોડી પણ વિગત આપતી ખાંભી 'હીરો સ્ટોન કે રક્ષક, સમૂહ, કાફલો'[10] એવો અર્થ કરવામાં આવ્યો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**પાળિયા પ્રથાનો ઉદ્ભવ અને વિકાસ:**

માનવ ઇતિહાસ પર દૃષ્ટિપાત કરતા જણાશે કે વિભિન્ન સંસ્કૃતિઓમાં પોતાના પૂર્વજોના આત્માને શાંતિ અર્પવા, તેમના કાર્યને બિરદાવવા અને તેમની સ્મૃતિ કાયમ જાળવી રાખવા સ્થૂળ સ્મારકો રચાતા રહ્યા છે. આ પાળિયા પ્રથાના મૂળ જગતની દરેક પ્રજામાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે.

બેબિલોનના હમુરાબી શિલાખંડો કે મહાપાષાણ યુગમાં જોવા ,ઇજિપ્તના પિરામીડોમળતા મેનહીર સ્મારકો જેનો સમયગાળો ઈ.સ. પૂર્વ ૪૦૦૦ થી ઈ.સ. પૂર્વ ૧૦૦૦ માનવામાં આવે છે. એ આજની પાળિયા પ્રથાના મૂળ સ્રોત છે. એવી જ રીતે શ્રીકૃષ્ણના અગ્નિ સંસ્કારની સ્મૃતિમાં પ્રભાસ પાટણના ત્રિવેણી સંગમે રચાયેલ તુલસીક્યારો, ભગવાન ગૌતમ બુદ્ધની સ્મૃતિમાં રચાયેલ સાંચીનો સ્તૂપ અને બીજા અનેક સ્તૂપોમાં આ પ્રથાના મૂળ જણાય છે. આધુનિક સમયમાં મહાત્મા ગાંધીના રાજઘાટ જેવા મૃત્યુના આ સ્મારકોમાં ભારતીય સંસ્કૃતિનો જીવંત ધબકાર જણાય છે.[11] આ પાળિયા પ્રથાના ઉદ્ભવનો ઇતિહાસ ઘણો દૂર સુધી જાય છે. ૨૦૧૪ના વર્ષમાં જ આર્કિયોલોજીના સંશોધકોએ ઇજિપ્તમાં ફારોહ શોબેખોતેપની વિશાળ કબર શોધી કાઢી હતી. આ ફારોહ શોબેખોતેપનો સમય ઈ.સ. પૂર્વે ૧૭૮૦ એટલે કે આજથી ૩૭૯૫ વર્ષ પહેલાના સમયમાં તે ઇજિપ્તમાં શાસન કરતો હતો. ૬૦ ટનની એક શબપેટીમાં ફારોહ શોબેખોતેપને દફનાવવામાં આવ્યા હતા. આ કબરના પથ્થર ઉપર ફારોહનું નામ કોતરેલું હતું.[12] આવી પ્રાચીન શબ દફનની પ્રથાઓ પણ મૃત વ્યક્તિના સ્મરણના સ્મારકો છે. આમ, મૃતની સ્મૃતિ જાળવવાનો ઇતિહાસ ઘણી પ્રાચીન છે. આજના પાળિયાના સ્વરૂપનો પાળિયો ઈ.સ. પૂર્વ દસમી સદીનો દક્ષિણ સ્વીડનના કિવિક નામના વિશાળ કબ્રસ્તાનમાં આવેલો છે. જેમાં વીર ચંદ્રો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

રથ દ્વારા પરલોકને પ્રાપ્ત કરતો દર્શાવાયો છે.[13] આમ છતાં આ પાળિયા ઊભા કરવાની પ્રથા ક્યારે શરૂ થઈ તે સંશોધન માગી લે છે. પરંતુ એટલું તો ચોક્કસ છે કે પ્રાચીનકાળથી મૃત્યુની યાદ સાચવી રાખવા માટે પથ્થરો ઊભી કરવાની પ્રથા શરૂ થઇ હશે. શ્રી બિનય ઘોષ માને છે કે પ્રાચીનકાળમાં કોઈ એક જાતિ કે કુળ અથવા જનસમૂહને કપરા કાળમાંથી યા મુશ્કેલીમાંથી પાર ઉતારનાર વીર પુરુષની મૃત્યુની યાદ સાચવવા માટે વીરપૂજાના પ્રતિક રૂપે પાળિયા ઊભા કરવાનો ચાલ શરૂ થયો હશે. ત્યારબાદ વીરપૂજા પ્રચલિત થતા કુળ અને આ જનસમૂહ જ્યાં જ્યાં ફેલાયો, ત્યાં ત્યાં આવા સ્મારકો ઊભા કરવાની પ્રથા અમલમાં આવી હશે.[14] ઈંગ્લેન્ડમાં આવેલ સ્ટોનહેન્જને પણ પાળિયાના ઉદ્દભવ સાથે સંબંધ હોવાનું માની શકાય છે. ઈંગ્લેન્ડના દક્ષિણ ભાગમાં આવેલા વ્હિલ્ટશાયર પરગણામાં આ પથ્થરો આવેલા છે. આ પથ્થરો અહીં લગભગ પાંચેક હજાર વર્ષથી ઊભા છે. વળી સંખ્યાબંધ માણસો ભેગા થાય તો પણ હલાવી ન શકે એવા એ વિરાટ સ્મારકો છે. આ સ્ટોનહેન્જ છે શું ? એ અંગેના અનેક સંશોધનો પણ થતા રહ્યા છે. આ બધા સંશોધનમાં સૌથી વધુ તર્કબદ્ધ વાત એ છે કે આ સ્થળ કબ્રસ્તાન હતું. કેમ કે અહીંથી વખતોવખત અનેક હાડપિંજરો મળતા રહ્યા છે. પણ આવું ભવ્ય કબ્રસ્તાન બાંધવાની જરૂર કોના માટે પડી ? સામાન્ય પ્રજાને દફનાવવા માટે આવી મહેનત કરનાર પ્રજા ખુદ કેવી હશે ? કે પછી અહીં કબ્રસ્તાન હતું તેના પર જ આ બાંધકામ કરી દેવામાં આવ્યું હશે.[15] આ બધા પ્રશ્નોમાંથી એમ પણ માની શકાય છે કે મૃતાત્માની સ્મૃતિ માટે આ વિશાળ પથ્થરો તેના પર ગોઠવી દેવામાં આવ્યા હશે. આ પથ્થરોમાં સૌથી જુના પથ્થરો ઇજિપ્તના પિરામીડો કરતા પણ ૩૦૦ વર્ષ પહેલાના માનવામાં આવે છે. આમ, પાળિયા પ્રથા સાથે સંબંધ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

ધરાવતા આ સ્મારકો પણ આ પ્રથાની પ્રાચીનતા જાણવા માટે આધાર બની શકે છે. જેના પર આજે પણ પુરાતત્વીક સંશોધનો થતા રહે છે.

**ગુજરાતમાં પાળિયાની પ્રાચીનતા :**

પાળિયાની પ્રાચીનતાની બાબતમાં ગુજરાતમાં સૌથી જૂનો પાળિથી જેને પાળિયાની વ્યાખ્યામાં મૂકી શકાય તેવો પાળિયો ઈડરની પોળોના આભાપુરમાંથી પ્રાપ્ત થયો છે. આ પદાતિનો ગોવર્ધન પ્રકારનો પાળિયો વિ.સ. ૮૧૨ (ઈ.સ. ૭૫૬)નો છે.[16] છતાં પણ ગુજરાતમાં પાળિયા પ્રથાનો ઉદ્દભવ પ્રાચીનકાળ સુધી જાય છે. આ પાળિયા એ લોકસંસ્કૃતિના પ્રતિનિધિ અને ઐતિહાસિક સંશોધનના અભિલેખો છે. ગુજરાતની ઐતિહાસિક ભૂમિ તેની કલા સંસ્કૃતિથી ભારતભરમાં પ્રચલિત છે. આ ગુજરાતની સંસ્કૃતિ શૌર્ય અને વીરતાથી ભરપૂર છે. તેની રહેણીકરણી, રીત-રિવાજો, ઉત્સવો વગેરેમાં વિવિધતા જોવા મળે છે. આવી જ રીતે ગુજરાતની પાળિયા સંસ્કૃતિ પણ ઘણી જ સમૃદ્ધ અને વિવિધતાસભર છે. ગુજરાતની સંસ્કૃતિ તેની વીરતા, શૌર્ય, બલિદાન, સ્વાપર્ણ અને પરંપરાના પ્રતીકરૂપ પાળિયાઓ સમગ્ર ગુજરાતમાં દૃષ્ટિગોચર થાય છે. કચ્છ અને સૌરાષ્ટ્ર છેલ્લા પાંચ હજાર વર્ષની સંસ્કૃતિ ધરાવે છે, ધોળાવીરા અને લોથલ તેના પ્રતીકો છે. આટલી વિકસિત સંસ્કૃતિ વીર પૂર્વજોના સ્મરણની ભાવના ન ધરાવતી હોય એવું કેમ બને ? શ્રીકૃષ્ણના અગ્નિસંસ્કારની અનુશ્રુતિનો ઉલ્લેખ કરીએ તો પ્રભાસ પાટણમાં ત્રિવેણી સંગમ પર આવેલ તુલસીક્યારો આ પ્રદેશનું સૌથી પ્રાચીન મૃત્યુ સ્મારક છે. જ્યારે પુરાવશેષની દૃષ્ટિએ સૌથી પ્રાચીન પાળિયાનો ઉલ્લેખ ધરાવતો શક સંવત ૧૧ના બ્રાહ્મી લિપિમાં લખાયેલ લેખ તથા ગિરિનગરના મહાક્ષત્રપ રૂદ્રદામાના સંભવિત શક સંવત પર (ઈ.સ. ૧૩૦)ના

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

કચ્છના અંધી ગામમાંથી મળેલા પાલિ ભાષાના લેખોને શ્રી કે. કા. શાસ્ત્રી પાળિયા જ ગણાવે છે.[17] ઈ.સ. ૨૦૦ ની મિત્રની રક્ષા ખાતર વાજિકનો પુત્ર મરાયાનું ઉદાત્ત સ્મરણ સાચવી રાખતી લાંઠ પણ પાળિયા પ્રથાનું જ પ્રતીક છે. આ પછીના લગભગ એક હજાર વર્ષના સમયાંકનમાં સ્પષ્ટ કહી શકાય એવી એક પણ લાંઠ, ખાંભી કે પાળિયો સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત નથી.[18]

ગુજરાતની પાળિયા સૃષ્ટિમાં જૂનામાં જૂના પાળિયા રણચગાના માનવામાં આવે છે. આ પાળિયાનું કોતરકામ ગ્રીક શૈલીની અસરવાળું દેખાય છે. ભારતવર્ષનો કેટલોક ભાગ ઈ.સ. પૂર્વે દોઢેક સૈકા સુધી ગ્રીક લોકોના હાથમાં રહ્યો હતો, ત્યાર પછી એ શાસનનો અંત આવતા કેટલાંક ગ્રીકો ગ્રીસ દેશ પાછા ફર્યા અને કેટલાંક હિન્દુધર્મ સ્વીકારી હિન્દુઓ સાથે ભળી ગયા. કદાચ આ ગ્રીક પ્રજા પાસેથી ભારતવર્ષની પ્રજાએ રણચગા બનાવવાની પ્રથા સ્વીકારી હોય તેમ કહી શકાય. પણ આ બાબત હજુ સ્પષ્ટ થઈ શકતી નથી. ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી કેટલીક લષ્ટિઓ મરણ સ્તંભોની લાંબી શિલાઓ મળી છે. ગુજરાતમાં ઈ.સ.ની બીજી સદીના યષ્ટિલેખો મળ્યા છે. કચ્છ જિલ્લાના પચ્છમ ખાવડામાં આવેલ અંધૌ ગામમાંથી જે છ યષ્ટિલેખો મળેલા તેમાંના ચાર લેખ શક વર્ષ પરના એટલે કે ઈ.સ. ૧૩૦ના છે. આ પ્રાકૃત લેખોમાં એની શિલાઓને 'લષ્ટિ' કહી છે. સંસ્કૃતમાં એને 'યષ્ટિ' કહે છે. યષ્ટિને ગુજરાતીમાં 'લાટ' કહે છે. લાટ એટલે સ્તંભ જેવી લાંબી સાંકડી શિલા, પરંતુ આ પૈકી ત્રણ શિલાઓ ઊભી નહિ પણ આડી અવસ્થામાં હોય તે રીતે તેના પર ત્રણ-ચાર લાંબી પંક્તિઓ કોતરવામાં આવી છે. આ ચારેય લેખ રાજા ચાષ્ટ્રન અને એના પૌત્ર રાજા રુદ્રદામાના રાજ્યકાલના છે, આ યષ્ટિઓ દેખીતી રીતે વિદેહ સ્વજનોની યાદગીરી માટે કરાવેલી છે, પરંતુ તે વ્યક્તિઓની કે તેઓના

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

મૃત્યુની કોઈ વિશિષ્ટતા લેખોમાં જણાતી નથી. આથી આ યષ્ટિલેખો મૃત્યુ પામેલા સ્વજનોની યાદગીરીના લાગે છે. કોઈ યોદ્ધાઓના કે સતીના મૃત્યુની યાદગીરીના લાગતા નથી.[19]

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પાળિયા માંડવાની પ્રથા પ્રચલિત હતી. સૌરાષ્ટ્ર, કચ્છ જેટલા પાળિયાઓ અન્ય વિસ્તારમાં પ્રાપ્ત નથી. ગુજરાતના પાળિયાઓમાં કલા વૈવિધ્ય જોવા મળે છે. પાળિયાઓના અનેક નામો પદાર્થો, આકારો, સ્વરૂપજોવા મળે છે. આ પાળિયાઓ સાથે અનેક દંતકથાઓ અને લોકમાન્યતા જોડાયેલા છે. અભિલેખ ધરાવતા પાળિયાઓ પણ જોઈ શકાય છે. આમ પ્રારંભમાં વીરોના પાળિયાથી માંડીને આજના શૂરાપૂરા અને સૂરધનના ખાંભી પાળિયા ગુજરાતમાં ઓછા વત્તા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

**પુરાતત્વની દૃષ્ટિએ પાળિયા**

પાળિયા એ ઐતિહાસિક અને પુરાતત્ત્વની રીતે પણ મહત્ત્વ ધરાવે છે. પાળિયા, ખાંભી પરના અભિલેખો શિલ્પો વગેરે પરથી ઐતિહાસિક અને સાંસ્કૃતિક બાબતો તારવી શકાય છે. આમ, આ પાળિયાનું ઐતિહાસિક કે પુરાતાત્વિક મહત્ત્વ પણ રહેલું છે. આ પાળિયાઓ જેમ લોકસંસ્કૃતિના પ્રતીકો છે તેમ ઇતિહાસના અંકોડા પણ છે. ઘણી વખત ઇતિહાસની કડીઓ જોડી આપવાના માધ્યમ તરીકે પાળિયાઓ મહત્ત્વના સાબિત થતા હોય છે. પુરાતત્ત્વ એ માનવજીવન અને તેના અંગોનો અભ્યાસ ઉપરાંત તેમની પ્રવૃત્તિનો પણ અભ્યાસ કરે છે, એ રીતે પાળિયા પણ માનવજીવનનું એક અંગ હોય પુરાતત્ત્વની અભ્યાસ સામગ્રીમાં તેનો સમાવેશ કરવામાં આવે છે. આ પાળિયાઓ ઇતિહાસના પ્રથમ કક્ષાના સાધનો છે.[20] પાળિયા એ અતીતના, ભૂતકાળના પ્રતીકરૂપ છે. આ કારણે તે પુરાતત્ત્વના

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

અભ્યાસનું સાધન બને છે. પાળિયા એ પુરાતત્ત્વની પારિભૌગિક સામગ્રી છે, જેની સત્યતા તપાસવી જરૂરી બને છે. અન્યથા એના ઉપરછલ્લા અભ્યાસથી અભ્યાસમાં ખોટુ તારણ પણ આવવાની સંભાવનાઓ રહેલી છે. પાળિયાને પુરાવશેષ ગણીએ તો તેના સંદર્ભમાં કેટલીક બાબતોનો અભ્યાસ કરવો એ જરૂરી બની જાય છે. જેમાં પાળિયાનું ભૌગોલિક સ્થાન, તે જેમાંથી ઘડવામાં આવ્યો હોય તે અથવા સીધો જ મૂકાયો હોય તે પથ્થર અથવા પદાર્થ સામગ્રી, પાળિયો માંડવા પાછળની ઘટના પાળિયા પરનો ઉત્કીર્ણ લેખ અને લેખમાંની ભાષા તથા લિપિ, પાળિયા પરના ચિહ્નો, આકૃતિઓ તથા પાળિયા પરની માનવ આકૃતિનો પહેરવેશ, અલંકારો, ઉપકરણો અને તેની સાથેના કે સવારીના પશુથ્વી, તેનો ઐતિહાસિક સમય અને તેના અંગેની લોકકથા વગેરેનો અભ્યાસ કરી પછી તેનો અન્ય આધારભૂત ગ્રંથો સાથે સંબંધ અને સંદર્ભ તપાસી, ત્યારબાદ પાળિયાની પ્રમાણભૂતતા અંગેનું સત્ય તારવવું જોઈએ.[21] ઇતિહાસને એના પ્રામાણિક સ્વરૂપમાં મેળવવાના જે સાધન ક્રમ લાગે છે તેમાં અવશેષો પછી બીજું મહત્વનું સાધન એ ઉત્કીર્ણ લેખ સામગ્રી છે. ઉત્કીર્ણ લેખ સામગ્રી એ સિક્કા હોઈ શકે, શિલાલેખો હોઈ શકે. તામ્રપત્રો પણ હોઈ શકે, આવી ઉત્કીર્ણ સામગ્રી પ્રસંગને જેટલી વધુ નજીક તેટલી એની પ્રામાણિકતા વિશેષ રહે છે. સિક્કા, શિલાલેખો, તામ્રલેખો પણ બનાવટી નીકળી આવે છે. આથી ઇતિહાસ આલેખનમાં શિથિલતા આવી શકે છે. આ બધામાં શિલાલેખની દૃષ્ટિએ પાળિયાઓ એક એવું સાધન છે કે જે મરણ થયાના નજીકના સમયમાં જ ખોડવામાં આવે છે.[22] તેના પર તેને લગતો લેખ કોતરવામાં આવે છે. આથી તે સત્યતાની વધારે નજીક લઈ જાય છે. આથી તેના પર કોતરવામાં આવેલા લેખની વિશ્વસનીયતા વધી જાય છે. જોકે આમાં પણ કેટલીકવાર ભૂલ થવાની

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

સંભાવનાઓ રહેલી છે.

ઇતિહાસને પ્રમાણિત સ્વરૂપમાં પ્રસ્તુત કરવામાં જે સાધનોનો ઉપયોગ થાય છે તેમાં પુરાતત્ત્વીય અવશેષો પછી ઉત્કીર્ણ લેખો ગણાય છે. પાળિયામાં આવા લેખો હોવાથી તે બનાવ કે વ્યક્તિનું સમય નિર્ધારણ કરવામાં ઉપયોગી બને છે. આ પાળિયા ક્યારેક ગૂંચ ઉકેલવામાં સહાયભૂત થાય છે તો ક્યારેક ગૂંચ વધારે પણ છે. તમામ પુરાવશેષો એટલે પાળિયામાંથી પ્રાપ્ત થતી તમામ માહિતી એવો તેનો અર્થ બંધ બેસાડીએ તો પાળિયા પુરાતત્ત્વની દૃષ્ટિએ અવશ્ય ઉપયોગી છે. છતાં એટલું કહી શકાય કે પુરાતત્ત્વ દૂરના ભૂતકાળ સાથે સંકળાયેલું છે અને પાળિયાઓ પણ દૂરના તેમજ નજીકના ભૂતકાળના પ્રતિનિધિઓ છે. આમ, આ દૃષ્ટિએ વિચારીએ તો પાળિયા અને પુરાતત્ત્વ એ બંને પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા છે તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ ન ગણાય.

લોકસંસ્કૃતિમાં પાળિયાનું સ્થાન વિશિષ્ટ છે. શૂરા અને સતવાદીની સ્મૃતિમાં ઊભા કરાયેલા આ પાળિયાઓ લોકસંસ્કૃતિના સાચા છડીદાર છે. પાળિયાનું પ્રત્યેક સ્થાનક સૂચવે છે કે કોઈ અબળાને માટે કોઈ ધર્મને માટે તો કોઈ ગાય જેવા અબોલ પ્રાણીની રક્ષા માટે અને વટ, ટેક ખાતર કોઈએ અહીં પોતાનો જીવ આપી દીધો છે. તેમને યાદ રાખવા અને પૂજવા પ્રજાએ એના પાળિયા બંધાવ્યા છે. સૌરાષ્ટ્રમાં તો ગામેગામ આવા પાળિયાઓ છે. આમાં વીરો ઉપરાંત સનાતન મૂલ્યો માટે આત્મસમર્પણ કરનાર સંતો અને પતિની પાછળ પોતાનો પ્રાણ આપી દેનારી સતીઓના પાળિયાઓનો પણ આમાં સમાવેશ થાય છે. જનસમાજમાં અગત્યનું સ્થાન ધરાવતા આવા ખાંભી, પાળિયાઓ આજે પણ ગામેગામના પાદરે પૂજાતા જોવા મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**નિષ્કર્ષ:**

આમ, પાળિયા આ સંસ્કૃતિની અનેક વિશિષ્ટતાઓ રહેલી છે. આ પાળિયાના ઉદભવનો ઇતિહાસ ઘણો પ્રાચીનકાળ સુધી જાય છે. માનવના ઉદ્દભવની સાથે માનવની સ્મૃતિ જાળવવાની પ્રથા પણ કોઈને કોઈ પ્રકારે જોવા મળે છે. તેમાં સમયે સમયે ફેરફારો થતા રહ્યા છે. હાલની સ્થિતિએ આ પ્રથા લોકસંસ્કૃતિના ભાગ તરીકે જળવાયેલી જણાય છે. ગુજરાતમાં આ પ્રથા લાંબા કાળથી અસ્તિત્વ ધરાવે છે. વૈદિક સાહિત્યમાં તેના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે. હાલમાં ઘણા પાળિયા તો લોકદેવ તરીકે પુજાઈ રહ્યા છે. પુરાતત્ત્વની રીતે પાળિયાઓ ઉપયોગી સાધન છે. તેમના પરના લેખો અને શિલ્પો તત્કાલીન સમાજની સંસ્કૃતિ સમજવામાં ઉપયોગી થાય છે. ઘટના પછી તરત નિર્માણ પામેલા હોવાથી અને લાંબો સમય ટકી રહેતા હોવાથી તેની વિશ્વસનીયતા વધી જાય છે. ઇતિહાસમાં તે પ્રથમ કક્ષાના સાધન ગણવામાં આવે છે. આ પાળિયા અંગે સમાજમાં આગવી સામાજિકતા અને ધાર્મિકતા રહેલી છે. રીત-રિવાજોમાં પાળિયાને ધાર્મિક અને સામાજિક રીતે સ્થાન આપવામાં આવેલું જણાય છે. આ પાળિયા માંડવા પાછળ અનેક કારણો રહેલા છે. તેના નિર્માણ પાછળ વિશિષ્ટ ભાવના જોવા મળે છે. આ પ્રથાએ હવે પારંપરિક સ્વરૂપ ધારણ કરી લીધું છે. સમાજમાં પાળિયાને પૂજ્ય ગણી તેમના વિધિવિધાનો કરવામાં આવે છે. લોકદેવો તરીકે તેનું સ્થાન રહેલું છે. આમ, પાળિયાપ્રથા એ સમાજ સાથે વણાયેલી એક સંસ્કૃતિ છે. પાળિયા એ માનવ સંસ્કૃતિના મૂળ સાક્ષી છે.પાળિયાના ઉદ્દભવ, વિકાસ, માન્યતા, નિર્માણ વગેરેનો રસપ્રદ ઇતિહાસ રહેલો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

પાદનોંધ:

1. પરમાર, જયમલ્લ (સંપા.) (૧૯૯૪). ભાગુ તો ભોમકા લાજે, પૃ.૩૭૦
2. ખીમાણી, રાજેન્દ્ર (સંપા.) (૨૦૧૨). સાર્થ ગુજરાતી જોડણીકોશ, પૃ.૫૩૭.
3. એજન, પૃ. ૨૩૨.
4. એજન, પૃ. ૫૩૭.
5. Deshpande, P. G. (2011). Oxford Universal English Gujarati Dictionary, p. 499
6. ભાવસાર, મફતલાલ (૨૦૦૭). નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ, પૃ.૫૧૭,
7. દેશપાંડે, પાંડુરંગ ગણેશ (૨૦૦૨). ગુજરાતી અંગ્રેજી કોશ, પૃ. ૫૭૯.
8. Belsare, M. B. (1981). Gujarati English Dictionary, p. 772.
9. કેળવણી ખાતું ગાયકવાડ, ગુજરાતી શબ્દકોશ, પૃ. ૬૯૬.
10. શાસ્ત્રી, કેશવરામ, બૃહદ ગુજરાતી કોશ, પૃ. ૧૪૨૯.
11. જાની, વળવંત (૨૦૦૮). ઉત્તર ગુજરાતની લોકકથાઓ સ્વાધ્યાય અને સર્વેક્ષણ, પૃ. ૨૭.
12. ચૌધરી, કે. આર. (૮-૩-૨૦૧૫). ફ્યુચર સાયન્સ, ગુજરાત સમાચાર, પૃ.૫.
13. પલાણ, નરોત્તમ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). પાળિયાની વિભાવના, ઊર્મિ નવરચના, પૃ. ૪૨૨.
14. આચાર્ય, અરવિંદ (ઓક્ટ.-નવે. ૧૯૭૫). પાદરના પ્રતિહારી, ઊર્મિનવરચના, પૃ. ૪૭૧.
15. ખંભાયતા, લલિત (૭-૯-૨૦૧૫). સ્ટોન હેન્જ, સમયાંતર, ગુજરાત સમાચાર, પૃ. ૭.
16. શેલત, ભારતી (જુલા.-ડિસે. ૨૦૧૩). પુરાતત્ત્વ સંશોધનક્ષેત્રે અર્ધી સદીનું અવગાહન,

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, પૃ. ૮૮.

17. ભટ્ટી, નાગજીભાઈ (૧૯૮૭). કચ્છનો સાંસ્કૃતિક વારસો પાળિયા, પૃ. ૫૪.

18. પલાણ, નરોત્તમ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ઉપરોક્ત, પૃ. ૪૨૩.

19. શાસ્ત્રી, હરિપ્રસાદ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ખાંભી પાળિયા અને એના અભિલેખ, ઊર્મિ નવરચના, પૃ.૩૮૬.

20. ઠાકર, ધીરુભાઈ (સંપા.) (૧૯૯૯). ગુજરાતી વિશ્વકોશ, ખંડ - ૧૧, પૃ.૩૦૮.

21. એજન, પૃ. ૩૦૮.

22. પરમાર, જયમલ્લ (૧૯૯૪). ઉપરોક્ત, પૃ. ૨૭૬.